બાપુના સમર્થક ધારાસભ્યો એક પછી એક ભાજપમાં જોડાશે, સમર્થકો પણ રાજીનામા આપશે

રાઘવજી અને હકુબા જાડેજા દ્વારા વિશાળ સંમેલન યોજાયું, અમીત ચૌધરી પણ સંમેલન યોજી ભાજપમાં જશે

ગાંધીનગરઃ આગામી નજીકના દિવસોમાં કોંગ્રેસ છોડનારા એવા તમામ ૧૩ ધારાસભ્યો તબક્કાવાર ભાજપમાં જોડાઈ જાય તેવી તૈયારીઓ ચાલી રહી છે. જેમાં બાપુના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાનો પણ સમાવેશ થાય છે. સોમવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સોમનાથમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ છોડી દેનારા તમામ ધારાસભ્યોને આગામી નજીકના સમયમાં ભાજપમાં જોડવામાં આવશે. બીજી તરફ જામનગરમાં રાઘવજી પટેલ અને હકુબા જાડેજા દ્વારા તા.૨૩મીના રોજ વિશાળ સંમેલન આયોજીત કરવામાં આવ્યું છે. જેમાં તેઓ સત્તાવાર રીતે ભાજપનો કેસરિયો પહેરી લેશે. તેવી જ રીતે આગામી સોમવારે ગાંધીનગર જિલ્લાના માણસા બેઠકના ધારાસભ્ય અમીત ચૌધરી પણ વિશાળ સંમેલન યોજીને ભાજપમાં જોડાઈ જશે. માણસા પટેલ સમાજની વાડીમાં યોજાનારા સમેલનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ ઉપસ્થિત રહી શકે છે.

સુત્રોના જણાવ્યા મુજબ અગાઉ કોંગ્રેસમાંથી રાજીનામુ આપનારા ત્રણ ધારાસભ્યો બલવંતસિંહ રાજપૂત, તેજશ્રીબેન પટેલ અને પ્રહલાદ પટેલ ભાજપમાં જોડાઈ ગયા હતા. જયારે હજુ વધુ ધારાસભ્યો પૈકી મહેન્દ્રસિંહ વાઘેલા, અમીત ચૌધરી, સી.કે. રાઉલજી, રાઘવજી પટેલ, કરમશી પટેલ, ધમેન્દ્રસિંહ જાડેજા, ભોળાભાઈ ગોહિલ, રામસિંહ પરમાર, માનસિંહ ચૌહાણ અને છનાભાઈ ચૌધરીનો સમાવેશ થાય છે. આગામી નજીકના સમયમાં બાપુના સમર્થક અગ્રણીઓ દ્વારા કોંગ્રેસમાંથી રાજીનામા આપી દેવામાં આવે તેવી સંભાવના છે.

ચોરીની મોટર સાયકલ ઉપર ફરતાં બે યુવાનોને 'એકલવ્ય'ની મદદથી ઝડપી લેવાયા

સચીન જી.આઇ.ડી.સી. પોલીસના વાહન ચેકિંગમાં શંકાસ્પદ પેશન પ્રો સાથે આવેલાં બે યુવાનો પકડાયા હતા

પોલીસે તેમની પાસેથી કબ્જે કરેલી બાઈકનો નંબર એકલવ્ય સોફટવેરમાં નાખ્યો તો બીજી જ બાઈક નીકળી

પોલીસે બાઈક સાથે કામરેજના હથોડાના મુસ્તાક અને કયાબખાનની ધરપકડ કરી

બાઈક માંગરોળના ભૂરાન સીંધીએ ચોરી હોવાનું બહાર આવતા તેને વોન્ટેડ જાહેર કરાયો

સુરતઃ ઉનગામ સનાબીલ બેકરી પાસે વાહન ચેકિંગ દરમ્યાન બે યુવાનોને શંકાના આધારે અટકાયતમાં લેવાયા બાદ તેમની પાસેથી મળેલી મોટર સાયકલ ચોરીની હોવાનું એકલવ્ય સોફટવેરની મદદથી શોધી કાઢવામાં આવ્યું હતું.

યુવાનો પાસેથી મળેલી મોટર સાયકલ કામરેજના હલધરુ ગામેથી ચોરી થયાનું ખુલતાં જ પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

સચીન જી.આઇ.ડી.સી. પોલીસ મથકનો સર્વેલન્સ સ્ટાફ ગતરોજ ઉનગામ સનાબિલ બેકરી પાસે વાહનચેકિંગ કરી રહ્યો હતો. પાંડેસરા તરફથી આવતી પેશન પ્રો ઉપર ત્રણ સવારી યુવાનો આવી રહ્યા હતા. જોકે પોલીસને જોતાં જ એક યુવાન થોડાંક અંતરે ઉતરી પડ્યો હતો.

ચેકિંગ સ્થળે મોટર સાયકલ લઇને બંને પહોંચતા જ પોલીસે તેમને અટકાવ્યા હતા. રાજસ્થાનના વતની અને હાલ કામરેજના હથોડા ગામે તબેલામાં રહી ત્યાં જ નોકરી કરતાં ૨૩ વર્ષીય મુસ્તાક શરીફખાન સીંધીં અને ૨૦ વર્ષીય કયાબખાન બલુકખાન સીંધીં તરીકે ઓળખ આપનારા બંને પાસેથી મોટર સાયકલના કોઇ ડોક્યુમેન્ટસ તેમની પાસેથી મળ્યા ન હતા.

બાઇકના પૂરતાં દસ્તાવેજોના અભાવે આ બંનેનું શું કરવું તેની દુવિધામાં પડવા કરતાં પોલીસે તેમના મોબાઇલ ફોનમાં ઉપલબ્ધ 'એકલવ્ય'ની મદદ લીધી હતી. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે બનાવેલાં આ સોફ્ટવેર ચેકિંગ સ્કવોડના મોબાઇલ ફોનમાં ઉપલબ્ધ હોઇ તેમણે બાઇક ઉપર જે રજિસ્ટ્રેશન નંબર હતો તે (જીજે-૫.એચજે-૩૪૫૨) નાં ખતા જ બંને યુવાનોનો ભાંડો ફૂટી ગયો હતો. આ નંબર સ્પ્લેન્ડર મોટર સાયકલના નામે રજિસ્ટર્ડ હતો જ્યારે અહીં તો પકડાયેલું વાહન પેશન-પ્રો હતી. નંબર ખોટો હોવાનું પ્રતીત થયા બાદ આ બાઇકનો ચેસીસ નંબર નાંખવામાં આવતાં જ તે કામરેજના હલધરુ ગામે રહેતી વ્યક્તિના નામે રજિસ્ટર્ડ હોવાનું અને તે ચોરી થઇ ગઇ હોવાનું બહાર આવતાં જ પોલીસે બંનેની ધરપકડ કરી હતી. પોલીસને જોઇને ચેકિંગ પોઇન્ટ પહેલાં જ ઉતરી ગયેલો માંગરોળનો ભૂરાન સીંધીં ચોરી કરીને લાવ્યો હોવાનું જણાવતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

શું છે 'એકલવ્ય'

એકલવ્ય સોફ્ટવેયર અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા બનાવવામાં આવેલું સોફ્ટવેયર છે. આ સોફ્ટવેયરમાં ઓનલાઇન થઇ ગયા હોય તેવા ગુજરાતના કોઇ પણ વાહનોનો એન્જિન નંબર, ચેસીસ નંબર, રજિસ્ટ્રેશન નંબર પૈકી કોઇ પણ નંબર નાંખવામાં આવે તો વાહનના પ્રકારથી લઇને તે કોના નામે અને તેની તમામ વિગતો એક ક્લીક સાથે ઉપલબ્ધ થઇ જાય છે. આ સોફ્ટવેયરની મદદથી ચોરીના વાહનો પકડવાની સાથે અકસ્માતે ઘવાયેલી વ્યક્તિઓની મદદથી લઇને બિનવારસી મળેલાં વાહનો પણ તેમના માલિક સુધી પહોંચાડી શકાય છે. જોકે આ સોફ્ટવેયર ચોક્કસ ધારાધોરણ ધરાવતાં પોલીસ કર્મ્રચારીઓને જ આપવામાં આવે છે.

અમદાવાદની નવી સિવિલ હોસ્પિ.ના કેન્સર વિભાગનો નર્સિંગ સ્ટાફ હડતાળ પર

આશરે ૧૦૦૦ નર્સિંગ સ્ટાફના કર્મચારીઓએ માંગણી કરી કે તેમને પાંચમા અને છઠ્ઠા પગાર પંચની બાકી હપ્તા મળ્યા નથી

અમદાવાદ, તા. ૨૧: અમદાવાદ શહેરના સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગનો નર્સિંગ સ્ટાફ પોતાની પડતર માંગણીઓને લઈને હડતાળ પર ઉતરી જતા દર્દીઓએ હાલાકી ભોગવવી પડી હતી. પગાર પંચના લાભોને લઈને છેલ્લા ઘણા સમયથી નર્સિંગ કર્મચારીઓ રજુઆત કરતા હોવા છતાં હકારાત્મક પ્રતિસાદ ન મળતા આખરે નર્સિંગ સ્ટાફ હડતાળ પર ઉતર્યો હતો.

સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગના ૧૦૦૦ જેટલા નર્સિંગ સ્ટાફના કર્મચારીઓએ આજે હડતાળ પર ઉતરી ગયા હતા. હડતાળ પર ઉતરેલા કર્મચારીઓની માંગણી છે કે તેમને હજુ સુધી પાંચમા અને છઠ્ઠા પગાર પંચના બાકી હપ્તા મળ્યા નથી. જ્યારે સાતમા પગાર પંચનો અમલ કરવામાં આવ્યો નથી. જેથી તેનો સત્વરે અમલ કરવામાં આવે. જો માંગણીઓ નહી સ્વીકારાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ગાંધીનગરમાં આશાવર્કરોનો મોરચો : ૧૦૦થી વધુની અટકાયત

રાજ્યની આશાવર્કર બહેનો છેલ્લા ઘણા સમયથી પોતાની પડતર માગણીઓને લઈને સરકાર સામે આંદોલન ચલાવી રહી છે. આજે રાજ્યભરમાંથી પાંચ હજારથી વધુ આશાવર્કર બહેનોએ ગાંધીનગરમાં દેખાવો- ઘરણાં યોજ્યાં હતા. હજારોની સંખ્યામાં ઉમટી પડેલી આશાવર્કર મહિલાઓએ સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર કરી પોતાને કાયમી કરવા તથા ફુલ પગાર સ્કેલમાં મુકવાની માગણી કરી હતી. આશાવર્કર બહેનોએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા સરકારની તમામ યોજનાઓની કામગીરી, કોઈપણ સર્વેની કામગીરી, રોગચાળો, પુર જેવી વિકટ સ્થિતિમાં સરકાર આશાવર્કર બહેનોને કામ સોંપે છે, તેની સામે પુરતું વેતન મળતું નથી, તેથી રાજ્યની આશાવર્કર બહેનોને કાયમી કરવામાં આવે. મોટી સંખ્યામાં ઉમટી પડેલી આશાવર્કર મહિલાઓ દ્વારા ભારે સુત્રોચ્ચાર અને હંગામો કરવામાં આવતાં પોલીસે અંદાજે ૧૦૦ જેટલી આશાવર્કર બહેનોની અટકાયત કરી હેડક વાર્ટર્સ ખાતે લઈ જવામાં આવી હતી, જ્યાં સાંજે તમામને મુક્ત કરવામાં આવ્યાં હતા.

ગુજરાતમાંથી ગુમ થયેલા પાંચ બાળકોને ક્રાઈમ બ્રાંચે મહારાષ્ટ્રથી શોધી કાઢયા

અમદાવાદઃ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં બાળકો ગુમ થતાં હોવાની ફરિયાદો મળતી હોય છે, ત્યારે આ બાળકોને શોધી કાઢવા માટે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા મુસ્કાન-૩ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાત બાળકોને શોધી કાઢવામાં આવ્યાં હતા. સાત પૈકી એક બાળક સુરતથી ગુમ થયું હોવાનુ બહાર આવ્યું હતું.

શહેર ક્રાઈમ બ્રાંચના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેર ખોખરા વિસ્તારમાંથી મયુર સુરેશભાઈ પંડિત અને બાપુનગરથી ગુમ થનારા હિતેશ રોશનલાલ મારવાડી મુંબઈના નવીન બાળગૃહમાં હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાંચની ટીમે બાળગૃહની મુલાકાત લઈ તપાસ કરતાં આ બાળકો ગુજરાતી બોલતા હતા તથા અન્ય પાંચ બાળકો પણ ગુજરાતીમાં વાતચીત કરતા હતા. આથી આ તમામ પાંચ બાળકોને અમદાવાદમાં લાવવામાં આવ્યા હતા અને તેમને વટવામાં અમીઝરા બાળગૃહમાં રાખવામાં આવ્યાં છે.

જુનાગઢના માંગરોળમાં સાડા છ ઈંચ વરસાદથી રેલમછેલ થઈ ગઈ

રાજ્યમાં સોમવારે દિવસ દરમ્યાન કુલ ૧૨૪ તાલુકાઓમાં એકથી સાડા છ ઈંચ વરસાદ થયો છે

ગાંધીનગરઃ રાજ્ય ઉપર આવેલી લો પ્રેશર સીસ્ટમની અસર હેઠળ સોમવારે રાજયમાં વરસાદ યથાવત રહેવા પામ્યો હતો. જેમાં સોમવારે સાંજે છ વાગ્યા સુધીમાં જુનાગઢના માંગરોળમાં સાડા છ ઈંચ વરસાદ થયો હતો.

મોડી સાંજે ગાંધીનગરમાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સુત્રોના જણાવ્યા મુજબ, માંગરોળમાં સાડા છ ઈંચ અને ગઢડામાં સાડા ચાર ઈંચ, સુત્રાપાડામાં ૪, જુનાગઢના માલિયામાં ચાર, વેરાવળમાં પોણા ચાર, ગીર ગઢડામાં ૩, વિસાવદરમાં ૩, તલાલામાં પોણા ત્રણ, બોડેલીમાં અઢી, માણાવદરમાં સવા બે, વંથલીમાં સવા બે, કોડિનારમાં ૨ ઈંચ વરસાદ થયો છે. આ સાથે રાજયમાં સોમવારે દિવસ દરમ્યાન કુલ ૧૨૪ તાલુકાઓમાં ૧થી સાડા છ ઈંચ વરસાદ થયો છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં ૮૬.૬૪ ટકા વરસાદ થયો છે. જેમાં ઉત્તર ગુજરાતમાં ૧૨૮.૧૬ ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૬૯.૧૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૮૩.૩૬ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૭૨.૪૩ ટકા વરસાદ થયો છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને રૂપાણી-નીતિન પટેલે શુભેચ્છા પાઠવી

ગાંધીનગરઃ સોમવારે દિલ્હીમાં રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ માટે દોડધામનો દિવસ રહ્યો હતો. રૂપાણી અને પટેલે નવનિયુકત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરી હતી અને તેમને શુભેચ્છા પાઠવી હતી.

જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ દ્વારા આયોજીત ભાજપ શાષિત સીએમની બેઠકમાં રૂપાણી અને પટેલે હાજરી આપી હતી. સોમવારે સવારે રૂપાણીએ શ્રાવણી અમાવસ્યાએ સોમનાથમાં પૂજા અને દર્શન કરીને અભિષેક પણ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે રાજય અને રાષ્ટ્રના વિકાસ, ઉન્નતિ અને સૌના મંગલની કામનાઓ કરી હતી. તેમણે વિકાસની યાત્રામાં વિઘ્ન નહીં આવે તે માટે તેમજ સુશાનની દિશામાં ગુજરાત અગ્રેસર રહે તેવી પ્રાર્થના કરી હતી.

ટ્રેનિંગ દરમિયાન ઈન્ડિયન મિલિટરી એકેડમીના બે કેડેટના મોત

૧૦ કિ.મી.ની દોડ બાદ ઘણાં કેડેટ્સ શ્વાસોચ્છવાસની સમસ્યા અને ડિહાઇડ્રેશનને કારણે હોસ્પિટલમાં દાખલ

દહેરાદુન, તા ૨૧ (પીટીઆઈ) : ઈન્ડિયન મિલિટરી એકેડમી (આઈએમએ) દ્વારા ટ્રેનિંગ સેશન દરમિયાન યોજાયેલી ૧૦ કિમીની દોડમાં ભાગ લીધા પછી બિમાર પડેલા બે કેડેટ્સના મોત થયા છે, આ સિવાય કેટલાક કેડેટ્સ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. શુક્રવારે પહેલા કદમ એક સરસાઈઝ પછી પંજાબના ભટિંડાના દિપક શર્મા (૨૨) અને પશ્ચિમ બંગાળના દાર્જિલીંગના રહીશ નવિન કુમાર છેત્રી (૨૩) સહિત કુલ ૭ કેડેટ્સને શ્વાસ લેવાની તકલીફ અને ડિહાઈડ્રેશન થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

શર્માનું શુક્રવારે મોત થયું હતુ જ્યારે છેત્રીનું ગઈકાલે હોસ્પિટલમાં મોત થયુ હતું. ડિહાઈડ્રેશનને કારણે કુલ ૭ કેડેટ્સ બિમાર પડ્યા હતા. તમામને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હોવાનું સૈન્ય દ્વારા એક નિવેદનમાં જણાવાયુ હતું. તેમાં કહેવાયુ છે કે શર્માની હાલત નાજૂક હોવાથી તેને નજીકના વિકાસનગર સ્થિત લેહમેન હોસ્પિટલમાં લઈ જવાયો હતો જ્યાં તેણે શુક્રવારે બપોરે ૧.૩૦ વાગ્યે પોતાનો દમ તોડ્યો હતો. છેત્રીને અન્ય કેડેટ્સ સાથે દહેરાદૂનની મિલિટરી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

સૂત્રોએ કહ્યું હતું કે તેને ત્યાંથી મહંત ઈન્દ્રેશ હોસ્પિટલમાં લઈ જવાયો હતા જ્યાં તેનું મોત થયું હતું. અન્ય કેડેટ્સને મિલિટરી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે અને તે તમામની હાલત સ્થિર હોવાનું સૈન્યએ જણાવ્યુ હતું.

શશીકલા જેલમાં કેદીના યુનિફોર્મને બદલે સાદા વસ્ત્રોમાં

માજી જેલ ડીઆઇજીએ એસીબીને પોતાના આરોપના સમર્થનમાં સીસીટીવી ફૂટેજ આપ્યું

બેંગલુરૂ, તા. ૨૧ (પીટીઆઇ) : અહીંની સેન્ટ્રલ જેલમાં એઆઈએડીએમકેના વડા વી કે શશિકલા જેલના વસ્ત્રોમાં નહી પણ સાદા વસ્ત્રોમાં જેલમાં પ્રવેશતા દર્શાવતા એક સીસીટીવી ફૂટેજ મીડિયા દ્વારા જાહેર કરાયુ છે. શશિકલાને જેલમાં સુવિધા આપવામાં આવી રહી હોવાના પોતાના આરોપના સમર્થનમાં એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)ને આપેલા સ્ટેટમેન્ટના ભાગરૂપે માજી જેલ ડીઆઇજી ડી રૂપાએ ૧૯મી ઓગસ્ટે આ ફૂટેજ જમા કરાવ્યું છે.

ફૂટેજમાં જોવા મળે છે કે શશિકલા અને તેમની ભાભી ઈલાવરસી એક બેગ લઈને અગ્રાહરા સેન્ટ્રલ જેલમાં પ્રવેશે છે. તેમાં જોકે એ પ્રકાશ ફેંકાયો નથી કે આ ફૂટેજ જેલના કયા ભાગનું છે કે પછી તે ક્યારે રેકોર્ડ કરવામાં આવ્યું છે. બેંગલુરૂ જેલમાં કેદીઓનો ગણવેશ ખાદીનો સફેદ કલરનો છે. ફૂટેજમાં જોવા મળે છે કે શશિકલાએ ઘેરા રંગના સલવાર કમિઝ પહેર્યા છે. જેલના ડીજી નાહર સિંહ મેઘરિખે કહ્યું હતું કે તેમને આ સીસીટીવી ફૂટેજની કોઈ જાણ નથી. તેમણે કહ્યું હતું કે શશિકલાને જેલમાં સુવિધા આપવા સંબંધી આરોપ અંગે એક વ્યક્તિનું પંચ તપાસ કરી રહ્યું છે અને તેમના દ્વારા કોઈ રિપોર્ટ આપવામાં આવ્યો નથી.

મધ્ય પ્રદેશના સૃજન કૌભાંડના મુખ્ય આરોપીનું મૃત્યુ શંકાના ઘેરામાં

સૃજન કૌભાંડ મધ્ય પ્રદેશના વ્યાપમ કૌભાંડથી ઘણું મોટું કૌભાંડ છેઃ તેજસ્વી યાદવ

ભાગલપુર-પટના, તા. ૨૧ (પીટીઆઈ) : બિહારના ભાગલપુરમાં સ્વયં સેવી સંગઠનના કથિત કરોડો રૂપિયાના કૌભાંડમાં પકડાયેલા મુખ્ય આરોપીનું મૃત્યુ બીમારીના કારણ થયું હતું, એમ પોલીસે આજે કહ્યુ હતું જ્યારે વિરોધી પક્ષ આરજેડીએ તેના મૃત્યુની પરિસ્થિતિઓ પર પ્રશ્ન ઉઠાવતાં સર્વોચ્ચ અદાલતની દેખરેખમાં આ કૌભાંડની સીબીઆઈ તપાસની માંગણી કરી હતી.

વિરોધીઓ દ્વારા દબાણ બનાવા પર મુખ્ય મંત્રી નીતિશ કુમાર જેમણે પહેલાંથી જ આ કૌભાંડની તપાસ સીબીઆઈ દ્વારા કરાવાની ભલામણ કરી હતી કહ્યુ હતું કે દોષીઓને પાતાળમાંથી પણ શોધી લાવવામાં આવશે. આ કૌભાંડમાં કલ્યાણ વિભાગના કર્મચારી મહેશ મંડલની (૫૭) ધરપકડ કરવામાં આવી હતી ગઈરાત્રે ભાગલપુરમાં એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું, એમ પોલીસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. તેમની બંને કિડની ફેલ થઈ ગઈ હતી અને તે ડાયલિસિસ પર રહેતાં હતાં.

ભાગલપુરમાં મહિલાઓ માટે કામ કરતી સૃજન નામની સ્વયં સેવી સંસ્થા વર્ષોથી કામ કરી રહી છે આરોપ છે કે સરકારી અને બેંકોના કર્મચારીઓ સાથે સાંઠગાંઠ કરીને સરકારના ૯૫૦ કરોડ રૂપિયા છેતરપીંડી કરીને સૃજનના ખાતામાં ટ્રાન્સફર કરાઈ હતી. રવિવારે આ કૌભાંડના સંબંધમાં મહેશ મંડલની ધરપકડ કરાઈ હતી. જેલમાં તેમની તબયિત ખરાબ થતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં જ્યાં તેમનું મૃત્યુ થયું હતું.

વિરોધી પક્ષના નેતા તેજસ્વી પ્રસાદ યાદવે મંડલના મૃત્યુ પર પ્રશ્ન ઉઠાવતાં કહ્યુ હતું કે સરકારમાં સામેલ લોકોએ કૌભાંડનું સત્ય દફન કરી દેવાના ઉદ્દેશ્યથી તેમને મરાવી નાંખ્યા હતાં. તેમણે આરોપ લગાવ્યો હતો કે સૃજન કૌભાંડ મધ્ય પ્રદેશના વ્યાપમ કૌભાંડથી ઘણું મોટું કૌભાંડ છે.

ગુજરાતમિત્ર
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

જોઈએ છે
Badri Xerox ઝેરોક્ષના કામ માટે Operator ની જરૂર છે Only Male હોજેફાભાઈ 9909902746, 9979497852 (૫૯૯૧)

શિક્ષકો જોઈએ છે
હિન્દી માધ્યમ/ અંગ્રેજી માધ્યમમાં ધો. ૯ થી ૧૨ માં અંગ્રેજી વિષય ભણાવી શકે તેવા શિક્ષકો જોઈએ છે. તેમજ પ્રિ. પ્રાઈમરી સ્કુલ માટે લેડિઝ આચાર્ય જોઈએ છે. અને ગુજરાતી માધ્યમ માટે પી.ટી. શિક્ષક તેમજ પટ્ટાવાળાની જરૂર છે. તો યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો B.ed. તેમજ B.Ped કરેલ શિક્ષકો અરજી સાથે રૂબરૂ મળો શ્રીમતી એમ. પી. લીલીયાવાલા સ્કુલ પરવટ પાટીયા ડુંભાલ સુરત (૬૦૧૩)

Required
Female receptionist in a very reputed firm in pal - Adajan surat Condidate must be qualified good looking and marketing slill please Contact 9979570705 (૫૯૮૭)

Required
C.A. Staff for C.A. Office email - caforway@gmail.com (૫૮૫૮)

મિલ્કત લે-વેચ

હોજીવાલા-જીઆઈડીસીમાં લે-વેચ
પ્લોટ અને શેડના લે-વેચ માટે મળો સતીષ શાહ મો. નં. ૯૮૨૫૧૨૭૪૫૦, ૯૮૯૮૦૨૭૪૫૦ હોજીવાલા ગેટ નં. ૨, રોડ નં. ૧૦, હોજીવાલા કોમ્પ્લેક્ષ શોપ નં. ૬ સચીન, સુરત.

ફ્લેટ, રો-હાઉસ
દુકાન, ઓફિસ, પ્રી-બુકિંગ તથા રેડિપઝેશન સરપ્રાઈઝ સ્કિમ, લોન સુવિધા ૩૦ થી ૩૬ માસના હપ્તા, હાઈરાઈઝ, લકઝરીયસ પાલ - પાલનપુર - અડાજણ M. 9879280988 (૫૭૮૦)

મિલ્કત વેચવાની છે

ફ્લેટ વેચવાનો છે
બે બેડવાળો રાજહંસ કેમ્પસમાં પાલરોડ અડાજણ પરેશભાઈ બ્રોકર ૯૮૨૫૬૪૦૬૧૮ (૫૯૩૪)

વેચવાનું છે
તા. કામરેજમાં હલધરૂમાં રેસીડન્ટ એન એ જગ્યા બગુમરા ઈન્ડસ્ટ્રીયલ ૧૭ × ૧૧૦ ના એન એ પ્લોટ હલધરૂમાં ફાર્મ હાઉસ માટે એન એ જગ્યા મળો બ્રોકર મુકેશભાઈ મો. નં. 98258 08877 (૫૯૧૫)

રો હાઉસ વેચવાનું છે
૧૪૪ વાર પૂજા રો-હાઉસ શાંતિ નિકેતન મંદિરની બાજુમાં અડાજણ મો. ૯૮૨૫૩૬૮૦૭૦, ૯૮૨૫૧૩૮૧૬૫ (૫૯૪૩)

બંગલા નાના-મોટા
(૧) બંગલા પીપલોદ ૨૨૫ વારમાં ૫ BHK ૩૫૦ ક. (૨) પીપલોદ ૧૭૫ વાર ૩૨૫ ક. (૩) ૧૨૫ વારમાં ગ્રા. + ૨ માળ ૨૫૧ ક. (૪) બંગલા અડાજણમાં ૧૬૫ વાર ૫ BHK ૧૧૦ ક. (૫) ડીમાર્ટ પાસે કોર્નર ૧૪૦ વાર ૨૧૦ ક. ફર્નીઝ (૬) અમીધારા વાડી પાસે ૧૮૬ વાર ૨૧૦ ક ૫ BHK ગ્રા. + ૨ માળ (૭) પીપલોદ ચાંદની ચોક ૧૩૫ વાર ૨૭૫ ક. ફર્નીશ્ડ (૮) ગેટ વે હોટેલ પાસે ૧૮૫ વારમાં ૧૯૫ ક. (૯) મહેર નગર પાસે અડાજણ ૧૮૯ વારમાં ૧૯૦ ક. (૧૦) નાનપુરામાં ૪૩૦ વાર ૪૫૦ ક. મો. ૯૯૯૮૮૦૩૯૮૫ જયંત લપાસીવાળા નાનપુરા મેઈનરોડ, સુરત (૬૦૧૪)

વ્યવસાયીક ધંધાકીય

ઈંટીરીયર ડીઝાઈનીંગ
P.O.P. કલરકામ, ફર્નિચર, સોફાસેટ, વોટરપ્રુફિંગ ટાઈલ્સ ફિટીંગ તેમજ ઈંટીરીયર ડીઝાઈનીંગને લગતું દરેક કામ ખાત્રીપૂર્વક, ગેરંટીથી વ્યાજબી ભાવમાં કરાવો Mo. 7048527220 (૫૬૭૮)

વોટર પ્રુફીંગ
૧૦૧% ગેરંટી સાથે ટેરેસ બેઝમેન્ટ વોટર ટેન્ક સ્વિમિંગ પુલ, ક્રેક ફિલિંગ વોટર પ્રુફિંગ પ્લાસ્ટર સ્ટેકચર રીપેરીંગ તથા આર. સી.સી.ના તમામ વોટર પ્રુફીંગ કામ માટે મળો વલીભાઇ રાજસ્થાની ૯૯૧૩૩૩૯૦૯૦, ૨૭૬૯૭૦૮ (૫૬૬૨)

ગણેશપૂજા
માટે અણિશુધ્ધ અત્તરો બેંગલોર મૈસુરની ૧ થી ૨૪ કલાક ચાલે એવી અગરબત્તીઓ સુખડ લોબાન ગીલો ધૂપકપૂર સરૈયાને લગતી અનેકવિધ ચીજો અંબિકા સુગંધી ચોકબજાર રાજમાર્ગ સુરત ફોન ૨૫૯૭૮૮૮ (૫૯૮૯)

મોદક
ગણપતિ ઉત્સવમાં પ્રસાદ માટે જામખંભાળીયાના શુધ્ધ ઘીના રવાના લાડુ માવાના મોદક તેમજ મોતીચુરના લાડુ મળશે સાકેત રાણીતળાવ મેઈનરોડ સુરત (૫૯૮૫)

ગુજરાત હીંચકાના કડા
તોડફોડ કર્યા વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફીટીંગ કોન્ટેકટ 7878166668(૫૯૯૬)

સ્ટાર હીંચકાના કડા
તોડફોડ કર્યા વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફીટીંગ 8487818333, 8487819444 (૫૯૬૦)

ચિરાગ નાનખટાઇ
જામખંભાળિયા ઘીમાં બનાવેલ તથા જૈન પફ જૈન પેસ્ટ્રી મળશે કોન્ટેકઃ 9825185532 (૫૯૯૮)

પોપ્યુલર હિંચકાના કડા
તોડફોડ કર્યા વગર અમેરિકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફીટીંગ ૯૭૨૬૪૦૯૭૮૭, ૯૯૦૪૪૬૭૪૦૫ (૫૯૯૫)

હિંચકાના કડા
તોડફોડ વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરંટેડ ફીટીંગ 9925205672, 9374555552 (૫૯૯૪)

હિંચકાનાં કડાં, ફોલ્ડીંગ
ટોઈલેટ કડાં, અમેરિકન ટેકનોલોજીથી ફિટીંગ 9327011113, 9377111114 (૫૯૯૩)

ફોલ્ડીંગ ટોઈલેટ ઘડપણમાં
સંડાસમાં ઉચેથી બેસવા મજબુતાઈવાળું ફીટીંગ કરી આપીશું 9327011113, 9377111114 (૫૯૯૨)

સેલ્સમેન, સેલ્સગર્લ
ટેલીકોલર રીસેપ્સનિષ્ટ અકાઉન્ટન્ટ, ફોટોશોપ, માર્કેટીંગ એકઝીકયુટીવ, કાઉન્સીલર, ટીચર - 9574999321 (૬૦૦૦)

ઘરબેઠા TV, LCD રીપેરીંગ
તથા DVD, દામીની ઈલેકટ્રોનીકસ, અડાજણ પાટિયા 9898302700 (૬૦૦૧)

પાણીની ટાંકીની સફાઈ
વૈજ્ઞાનિક પદ્ધતિથી સંપૂર્ણ બેકટેરીયા નાબૂદી સંપર્ક ૯૨૨૭૯૦૫૭૧૪. (૬૦૦૮)

CM PEST CONTROL
લાયસન્સ લાઈફટાઈમ ગેરંટીથી ઉધઈની ટ્રીટમેન્ટ 9377672958, 2345707 (૬૦૦૬)

કબુતર-ઉંદર-મચ્છર
જાળી ઘરબેઠા ફીટીંગ રોયલ નેટ સ્પાઈક 8758533196/ 8238966581 (૬૦૦૫)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 98258 19250 (૬૦૦૭)

મિલ્કત ભાડેથી

ભાડેથી/ વેચાણથી
ઉધના ડેપોમાં ૨૭૯ Sq. ft દુકાન આપવાની છે ફર્નિચર સાથેની 9725050372 (૫૯૪૮)

વ્યવસાયીક આરોગ્ય વિષયક

નેચરોપેથી ડૉકટર બનો
સરકાર માન્ય ૧ વર્ષનો પાર્ટ ટાઈમ ૧ વર્ષના મેડીકલ કોર્ષ સ્ટાઈપેન્ડ સાથે પ્રેકટિકલ નર્સિંગ લેબ ટેકનીશીયન O.T. આસિસ્ટન્ટ ધોરણ ૧૦/૧૨, પાસ/નાપાસ ભાઈઓ/ બહેનો સુરત 9409263123, 7265823016 (૬૦૧૧)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

રોવેલ ટ્રાવેલ
પાસપોર્ટ સસ્તી એર ટિકિટ/ વિઝા ISO 9001 વાળી એજન્સીનો વર્ષોનો અનુભવ દુનિયાના કોઈ પણ દેશના વિઝા સરળતાથી મેળવી આપશે. અરજન્ટ પાસપોર્ટ કે પાસપોર્ટને લગતી કોઈપણ કાર્યવાહી કરી આપીશું સુરત- દિલ્હી ૧૮૦૦/- મુંબઈ - દુબઈ - મુંબઈ ૨૨૦૦/-, મુંબઈ બેંગકોક - મુંબઈ ૧૪૦૦/-, મુંબઈ - હોંગકોંગ - મુંબઈ ૧૭૦૦/-, મુંબઈ - શાંઘાઈ - મુંબઈ - ૪૦૦૦, મુંબઈ - ન્યુયોર્ક - ૧૨૬૦૦/-, મુંબઈ - ન્યુયોર્ક - મુંબઈ ૧૬,૨૦૦/-, મુંબઈ - લંડન - મુંબઈ ૩૦૦૦/- સર્વિસ ચાર્જ અને ટેક્ષ વધુ માટે મળો રોવેલ ટ્રાવેલ ૧૧૬, બેલ્જીયમ ટાવર, રીંગરોડ સુરત. ફોન નં. ૨૪૨૧૯૩૧, ૨૪૧૧૦૭૯/ ૨૪૧૪૬૧૬, ૨૪૧૪૬૩૦

ગ્રુપ ડિસ્કાઉન્ટ લાલબાગના
રાજા, સિધ્ધિવિનાયક -મહાલક્ષ્મી - હાજીઅલી ૨૬/૮ રાત્રે Call 9081000999 (૬૦૦૪)

સાંઈ ટ્રાવેલ્સ
લાલબાગ (મુખદર્શન) સિધ્ધિવિનાયક હાજીઅલી ૨૪ ઓગસ્ટથી દરરોજ ઉપડશે ડેનીશ 9510769711 (૬૦૦૯)

ગણપતિ બાપ્પા મોરીયા
લાલબાગ રાજા, સિધ્ધી વિનાયક, હાજી અલી, મહાલક્ષ્મી સી લીન્ક, જુહુ, ચોપાટી અજય ૯૯૯૮૬ ૫૩૨૭૬, ૯૫૧૦૭ ૩૮૬૫૧ (૬૦૦૩)

એન્જલ ટુરીઝમ
જગન્નાથપુરી ગંગાસાગર કલકત્તા અગરતલા, કામાખ્યાદેવી ચેરાપુંજી, ત્રિપુરાસુંદરી, શિલોંગ ૭-૧૨-૧૫ -૧૯ દિવસ ૨૧-૧૦, ૨૪-૧૦, (૮૫૦૧/-, ૧૬૫૦૧/-, ૧૯૫૦૧/-, ૨૩૫૦૧/-) બે જયોતિર્લિંગ તિરૂપતી કન્યાકુમારી ઉટી, મૈસુર, બેંગ્લોર ૯-૧૬ દિવસ ૨૧-૧૦ (9428072291) (૬૦૦૨)

ગુરૂકૃપા ટ્રાવેલ્સ (મહેન્દ્રમામા)
લાલબાગના રાજા (મુખદર્શન) સિધ્ધીવિનાયક, મહાલક્ષ્મી, હાજીઅલી ફકત બસ ભાડુ ૬૦૧/- ૨૪/૮ થી ૩/૯ સુધી રોજેરોજ ઉપડશે 98251 49977/ 99789 49977 (૬૦૧૦)

વ્યવસાયીક જ્યોતિષ

નવશકિત જયોતિષ
૧૦૧% ગેરંટી (કામ થયા પછી પૈસા) લવપ્રોબ્લેમ, અણબનાવ, વશીકરણ, (સ્પેશ્યાલીસ્ટ) સુરત. ૯૭૨૬૨૮૫૯૩૧ (૫૯૮૮)

શ્રી અંબિકા જયોતિષ
૧૦૦% ગેરંટી (ગોલ્ડ મેડાલીસ્ટ) શિલ્પી ઈલમના મહાન જાણકાર (મુઢચોટ મોહિની, વશીકરણ લવ પ્રોબ્લેમ સ્પેશ્યાલીસ્ટ) છુટાછેડા સૌતન મુકિત દારૂ છોડાવો પ્રશ્નોનો તુરત નિકાલ ભુલકાભવન અડાજણ 0261 2783559, 9374939391 (૫૯૭૧)

શ્રી શકિત જયોતિષ
(જુના અને જાણીતા) (અરજન્ટ નિકાલ લવ પ્રોબ્લેમ વશીકરણ છુટાછેડા, સંતાન પ્રાપ્તિ દારૂ છોડાવો, વિદ્યા પ્રાપ્તિ નવગ્રહના નંગ મળો સોનીફળિયા સુરત મો. 97123 40993 (૫૯૯૯)

શ્રી ગણેશ જયોતિષ
૧૦૧% ગેરંટીથી અરજન્ટ નીકાલ નોકરી, પ્રેમલગ્ન, ઈચ્છાધારી જીવનસાથી છૂટાછેડા વશીકરણ, મેલીવસ્તુ લવમેરેજ પાલનપુર પાટિયા રાંદેર રોડ, સુરત 9825466725 (૫૮૩૦)

લગ્ન વિષયક

લગ્ન વિષયક
સિંધી - રામનગર ઉ. વર્ષ ૩૮ ડિવોર્સી પોતાનો ફલેટ એક બાળક છે યોગ્ય જીવનસાથીની જરૂર છે Mo. 7405626063 (૫૯૯૦)